International Peer-Reviewed Referred Journal

# Ayudh

pact Factor : 4.9

ISSN - 2321 : 2160

Vol-4

ecial Issue

February - 2023

A Special Issue on Conference Proceedings

## Research & Research Methodology





Organized by
Bahauddin Govt. Arts College – Junagadh &
Dharmendrasinhji Arts College – Rajkot
In Collaboration with
Ayudh Publication – Bhavnagar

Held on 11th February, 2023

Guest Editors

Dr. Arunendrasinh Rathod
Dr. Bhavesh Kachhadiya
Dr. P. V. Barasia
Dr. Jiten Parmar

Scanned with OKEN Scanner

ISSN : 232

# Ayudh

International Peer-Reviewed Refereed Journal

Special Issue Volume-4 Februa

Bahauddin Govt. Arts College – Junagad

&

Dharmendrasinhji Arts College – Rajko

in Collaboration with

Ayudh Publication – Bhavnagar

Jointly Organized

One Day International Conference

on

## Research & Research Methodolo

on

11th February, 2023, Saturday

Scanned with OKEN Scanner

# INDEX


1. Research Methodologies – Definitions, Types, Origins & Applications
ઘનશ્યામસિંહ રઘુનાથસિંહ ચૌહાણ & ડૉ. રાજેશકુમાર આર. પટેલ ........ 1

2. संस्कृतग्रंथों के पाठानुसन्धान की प्रविधि
डॉ. गिरीश पी. जादव ........ 7

3. ગુજરાતના હડપ્પીય સભ્યતાના સ્થળો
હરદાસ રાજદેભાઈ રામ ........ 14

4. અભિજ્ઞાનશાકુંતલમાં નિરૂપિત તપોવનસંસ્કૃતિ અને નગરસંસ્કૃતિ
પ્રા. હાર્દિક એમ. ગોહિલ ........ 19

5. संस्कृतसाहित्ये शिक्षामनोविज्ञानम्
डॉ. हार्दिककुमारः जी. जोशी ........ 22

6. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં વૈશ્વિક સ્તરે બદલાતી નવી ટેકનોલોજી
પ્રા. હરેશકુમાર આર. વાઘેલા ........ 25

7. સામાજિક સંશોધનના આયામો અને મહત્વ
ડૉ. હસુમતી બી. વ્યાસ ........ 32

8. પુરૂષાર્થ અને ઈતિહાસ વચ્ચે રમતું અસ્તિત્વ : 'શૂન્ય' પાલનપુરી
હેતલબેન બી. કુમારખાણિયા & ડૉ. હર્ષાબેન ચોવટીયા ........ 34

9. Conceptual Review of Research Methodology
Hiren Arsibhai Bamrotiya ........ 39

10. AWARENESS OF BRAND AND INCREASING CUSTOMER'S DEMAND FOR FMCG PRODUCTS IN RURAL MARKET OF MAHISAGAR DISTRICT (GUJARAT)
DR. HIREN D. JADAV ........ 44

11. અગિયારમાં ધોરણના સંસ્કૃત વિષયના છંદ પરિચય એકમ પર પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનની અસરકારકતાનો અભ્યાસ
Hiren Rasiklal Pathak ........ 48

12. શ્રી રૂપેણ બંદર પ્રાથમિક શાળાના ધોરણ -૦૮ માં અભ્યાસ કરતા વાંચન લેખનમાં મુશ્કેલી અનુભવતા વિધાર્થીઓનો અભ્યાસ
Dr. Hiteshgiri Velgiri Goswami ........ 50

13. MIXED METHODS IN EDUCATIONAL RESEARCH
DR. ILA P. VIRANI ........ 55

14. RESEARCH METHODOLOGY IN THE LANGUAGES AND LITERATURES
Prof. Jagadishbhai D. Solanki ........ 58

15. રવીન્દ્રનાથટાગોરનાશિક્ષણદર્શનનીવર્તમાનઉપયુક્તતા
જાગૃતિ લક્ષ્મણભાઈ પરમાર ........ 67

16. લોકસાહિત્યનું સંશોધન
ડૉ. જલ્પા ડી. ડાભી ........ 76


Scanned with OKEN Scanner

17. સાહિત્ય સંશોધનની વિભાવના
PROF. JAMNABEN N. PATEL........................................
18. સંશોધન ક્ષેત્રે સૌરાષ્ટ્રીઓનું સત્વશીલ પ્રદાન
ડો. જયશ્રીબેન એમ. પરમાર & ડો. ગીતાબેન આર. ચોવટીયા........................................
19. ભાવનગર શહેરના ખેલાડીઓ અને બિન ખેલાડીઓની ચિંતાના પ્રમાણનો તુલનાત્મક
ડો જયદીપસિંહ ભીખુભા ચૌહાણ........................................
20. જામનગર જિલ્લાનાં ધ્રોલ અને જોડીયા તાલુકાની ખેલાડી બહેનોની ચપળતા જાણવાન
અભ્યાસ
Dr. Jayesh V. Patel........................................
21. A STUDY OF EFFECTIVENESS OF BLENDED LEARNING PROGRAMME
REFERENCE TO THE SUBJECT ECONOMICS
Dr. Jigna L. Kholiya........................................
22. Explaining Research Methodology
Jigna Rashmikant Mehta........................................
23. સંશોધનોમાં એક આગવો અભિગમ : ગુણાત્મક સંશોધન પદ્ધતિ
ડો. જિજ્ઞાસા કે. ચાવડા........................................
24. સામાજિક સંશોધનનું મહત્વ
ડો. જ્યોતિ આર.વિશ્વકર્મા........................................
25. સામાજિક સંશોધન પદ્ધતિના સાધન તરીકે આંકડાશાસ્ત્ર
જીતેન્દ્રકુમાર દેવીદાસભાઈ વસાવા........................................

Ayudh Publication
Since 2013

Scanned with OKEN Scanner

# સાહિત્ય સંશોધનની વિભાવના

✍ PROF. JAMNABEN N. PATEL
GUJARATI
Govt. Arts, Commerce & Sceince College, Khergam

ભૂમિકા :

આજના આધુનિક યુગમાં ઔદ્યોગિક ટેકનોલોજી અને ઈન્ટરનેટના યુગમાં 'સંશોધન' વિશે અવનવી શોધ કરી રહ્યો છે. પ્રાચીનકાળથી માનવીને કઈક નવું કરવાની, રજૂ કરવાની યુક્તિ પ્રયુક્તિ કરતો આવ્યો છે. ૨૦મી સદીના શરૂઆતનાં સમયમાં 'સંશોધન' શબ્દ સાંભળવામાં આવ્યો હતો. જે આજે સાર્વત્રિક રૂપે પ્રચલિત થઈ ગયો છે. આમ તો જેટલું 'વિજ્ઞાન' જૂનું તેટલો જ 'સંશોધન' શબ્દ પણ જૂનો છે. બંન્ને શબ્દો અને ક્ષેત્રોમાં સંલગ્ન છે. વ્યવસ્થિત રીતે મોટા પાયે સંશોધનની જરૂરિયાત - ૧૯૫૦ પછી જ મહેસૂસ થઈ. સંશોધન નવા ક્ષેત્રોના ઉત્પાદનમાં શરૂઆતથી જ એના વિકાસના પાયાથી થાય છે.

મૂળ સંશોધનમાં કોઈ ખાસ ધ્યેય કે લાભને લક્ષમાં રાખ્યા વગર માત્ર કુદરતી પ્રક્રિયાઓનું અણઉકેલાયેલું રહસ્ય કે તેમાં છૂપાયેલ સત્ય જાણવા માટેના પ્રયાસ હોય છે. સંશોધન ક્ષેત્રમા મૂળભૂત સંશોધન કે શુધ્ધ મૂળભૂત સંશોધનમાથી મળેલ તારવણીઓને કોઈ ચોક્કસ હેતુ કે સિધ્ધી માટે આગળ ધપાવવામાં આવે છે. અંતે છેવટે નવી પ્રક્રિયા કે નવા સાધનો મેળવી શકવાની ભૂમિકા તૈયાર થાય છે. બધા વિકસિત અને વિકાસ વાચ્છું દેશો સંશોધન અને વિકાસનો અનર્ગત ભાગ ગણે છે. અને તે પ્રમાણે આર્થિક આયોજન કરે છે.

આમ સંશોધન ખરેખર તો શોધ માટેની સફર છે. એ માનવીમાં રહેલી કુતૂહલ વૃત્તિ અને જિજ્ઞાસાવૃત્તિને કારણે નવું જાણવા, સમજવા અને નવું શોધ કરવા માટે મહત્વની આંતરિક સ્ફૂર્ણા છે. આપની આ કુતૂહલવૃત્તિ આપણને ઝીણવટ ભરી તપાસ કરવા અને અજાણ્યાની વિગત પૂર્ણ સમાજ મેળવવા પ્રેરે છે. આ કુતૂહલવૃત્તિ જ જ્ઞાનની માતા છે. અને પધ્ધતિ પણ છે. તેને જ સંશોધન પણ કહી શકાય, આમ સંશોધન વિશે માનવી પોતાના રોજબરોજના જીવનમાં ઉદ્દભવતી સમસ્યાઓને ઉકેલવા માટે સતત તેનું નિરીક્ષણ - પરીક્ષણ કરતો રહે છે. ત્યાર બાદ એના મૂળ સુધી જઈ તેને તપાસવાનો પ્રયત્ન કરે છે. વિવિધ અખતરાઓ અને પ્રયોગો બાંદ જો કોઈ ચોક્કસ તારણ કે ઉકેલને પામી શકે છે. આથી જ સંશોધનને માનવીની સહજ વૃત્તિ - પ્રવૃત્તિ ગણાવી છે. માનવી સંશોધન કરવા માટે જન્મજાત મળેલ બુધ્ધિશક્તિ અને તર્કશક્તિ દ્વારા માનવીએ વિશ્વના અનેકવિધ વણઉકેલ્યા રહસ્યોને ઉકેલ્યા છે. આમ સંશોધન કેડીથી વટવૃક્ષ બની નવા વિકાસના અનેકક્ષેત્રોમાં અવનવી દિશાઓ ઉઘાડી આપવાની મથામણ એ કરતો હોય છે. સંશોધનનો પ્રત્યેક આવિષ્કાર પ્રગતિના એક નવા સોપાનને સર કરે છે. અને પ્રગતિનું પ્રત્યેક સોપાન એને વધુ જોશભેર એક નવા સંશોધન તરફ લઈ જાય છે.

'સંશોધન' શબ્દ વિવિધ ભાષામાં ખૂબજ પ્રસિધ્ધ બનોલો શબ્દ છે. આજે તો સંશોધનનું ક્ષેત્ર ગામ, પ્રાદેશિક રાજ્ય અને દેશ તથા દુનિયામાં થઈ રહ્યું છે. 'સંશોધન' શબ્દ આજે વિશાળ ક્ષેત્રોમા વ્યાપક બન્યો છે. તેથી મારો સંશોધન વિષય અને સાહિત્ય સંશોધનની વિભાવના માં હું મારા શોધપત્ર પસંદગીમાંના ઉપક્રમમાં મારા નાનકડો પ્રયાસ છે.

એરીસ્ટૉટલ અને અન્ય ગ્રીક તત્વદર્શીઓના યુગમાં સંશોધનની વૈજ્ઞાનિક પધ્ધતિના શ્રીગણેશ થયા. ફ્રાન્સિસ બેન્કને જણાવ્યું કે 'તર્કની આગમન પધ્ધતિનો ઉપયોગ થવા લાગ્યો. માનવને માટે આવશ્યક એવા જ્ઞાનની ખોજ માટે અને તેના પ્રચારાર્થે નિગમન પધ્ધતિ જરૂરી છે એવી પ્રતીતિ થવાથી વિજ્ઞાન અને તર્કશાસ્ત્રના ક્ષેત્રે સંશોધનની માંગ વધવા લાગી હતી. તો ચાર્લ્સ ડાર્વિનના સમયથી નૂતન સંશોધનનો ઉદય થયો હતો. ભૌતિક વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના ક્ષેત્રોમા આ સંશોધનની પદ્ધતિઓની બોલબાલા વધવા લાગી. બીજા વિશ્વ યુધ્ધ પછી સંશોધન ક્ષેત્રનો વિકાસ નિરંતર ચાલતો રહ્યો.



Scanned with OKEN Scanner

સાહિત્યક્ષેત્રે તથ્યોને સત્યની ખોજ માટેની પ્રક્રિયાને પ્રવૃત્તિ તે એક અર્થમાં વૈજ્ઞાનિક તો અન્ય અર્થમા સાહિ આધ્યાત્મિક પ્રવૃત્તિ છે. સારસ્વત સાધનામાં જ્ઞાનોપાસનાનું તેનું ખુબ મહત્વ છે. સત્યની શોધ માટે તીવ્રતા લાવેલી, એ માટેન એકાગ્ર મથામણ અને તેવી મથામણ માટે આવશ્યક એવી શ્રદ્ધા, ધૃતિ, પ્રામાણિક, વિનમ્રતા, સમુદારતા તટસ્થતાને, સ્વસ્થતા ચીવટ અને ચોકસાઈ, શિસ્તબધ્ધ ને તર્કબુધ્ધ, પૂર્વગ્રહમુક્તિ ને પરમસહિષ્ણુતા ને નિર્ભીકતા ને દ્રઢતા કર્મઠમાં ને તાપોનીષ્ઠા જેવ સદગુણોથી સંશોધન ક્રિયાનો પાયો અને ભૂમિકા બંધાય છે.

શ્રીમદ્ભગવદ્દીતામાં વર્ણવેલી દૈવી સંપદા જેમ જ્ઞાનમાં અન્ય ક્ષેત્રોમા તેમ સંશોધનમાં પણ કેન્દ્રસ્થાને હોય તો હિતાવહ છે સંશોધનની અન્યલક્ષી સાધનાના કૌશલ્યમાં યોગતત્વનું દર્શન પણ થઈ શકે છે. સંશોધનનું ક્ષેત્ર આપવડાઈ, હું પદ, મમત, દંભનું નહી પણ ખુદવફાઇનુ સચ્ચાઈનુંક્ષેત્ર છે. સંશોધકનો ઈષ્ટદેવતા સત્ય છે. સંશોધક માટે તો "दृष्टि पूतं न्यसेत पा मनः पूतं समाचरते" એ મુદ્રા લેખ હોય છે. સંશોધનનું કાર્ય સ્પષ્ટ અને ચોક્કસ દ્રષ્ટિ સાથે સમતા અને તટસ્થતાથી, તર્કપૂત વસ્તુલક્ષી ધોરણે વ્યવસ્થિત પણે થાય એ અપેક્ષિત હોય છે. જે કઈ તથ્ય કે સત્ય પ્રાપ્ત થાય તે શાસ્ત્ર, તર્કને અનુભવથી પ્રમાણિ થઇ શકે તેવું હોવું જોઈએ. સંશોધનની પ્રવૃતિને જીવન વિકાસ - આત્માવિકાસ અને સમષ્ટિવિકાસના બૃહદ સંદર્ભમાં જો મૂલવવામાં આવે તો ઈષ્ટ છે.

કોઈ પણ વિષયના વિકાસને માટે સતત સંશોધન થતું રહેવું જોઈએ અને એ સંશોધન ખૂબ વ્યવસ્થિત તેમજ પધ્ધતિસર હોવું જોઈએ ધ્યેયલક્ષી સંશોધન જ સામાજિક વિજ્ઞાનોના વિકાસમાં મહત્વનો ફાળો આપી શકે છે. મનોવિજ્ઞાન એ માનવીય વર્ત અને મનોવ્યાપારોનું અધ્યયન અને પરિશીલન કરતુ સામાજિક વિજ્ઞાન હોઈ માનવીની ઉર્મિઓ લાગણીઓ અને ભાવનાઓ સમજવા અને પામવા માટે સંશોધન આવશ્યક છે.

આજે તો દેશ અને દુનિયાના અન્ય દેશોમાં મનોવિજ્ઞાન સહિત સર્વ સામાજિક વિજ્ઞાનોમાં, ભાષાઓમા, સંશોધ પ્રવૃતિઓનો વિકાસ ઝડપી થઈ રહ્યો છે, ત્યારે એ મનોવિજ્ઞાનોમાં થતા સંશોધનોમાં પૂર્ણતઃ વૈજ્ઞાનિક ઢબે થાય તેમજ ખુબ પધ્ધતિસર જ થાય પણ આવશ્યક છે.

આજે તો અભ્યાસ ક્ષેત્રે સ્નાતક પછી અનુસ્નાતકકક્ષાએ, એમ ફિલ. અને પી.એચ.ડી. ના પદવીઓ માટે ઉચ્ચશિક્ષણ વ્યવસાય મેળવવા માટે આવા સંશોધન કાર્યમાં પ્રવૃત બનેલા સૌ વિદ્યાર્થીઓ, અભ્યાસીઓ, અધ્યાપકો વગેરે માટે તેમની પ્રવૃતિમાં પાયારૂપ બને તેવું ઘણા લાંબા સમયથી વિવિધ પુસ્તકો લોકપ્રિય બન્યા છે.

સત્યની શોધનો ઈરાદો તથા એની શોધ અને વૈયતિક પૂર્વગ્રહથી અલિપ્તતા, પરિણામોમાં ચોકસાઈ, વિજ્ઞા જેટલું વધુ વિકસિત હશે તેટલી જ તેની શોધમા ચોકસાઈ હશે. સાતત્યતા તથા સંપૂર્ણતા વૈજ્ઞાનિક વિચારણા અલગ - અલગ વિગતોથી પર ઘટનાઓથી ગ્રંથિત તેમેજ સુસંગત રજૂઆત કરવાનો પ્રયાસ કરે છે. જેથી અસ્તવ્યસ્ત તથા વિવિધતામાં એકરાગિતા આવે છે. આ જાતનો પ્રયાસ જ સંશોધન કરી શકાય છે. વ્યવસ્થિત સંશોધન જ્ઞાન તરફ લઇ જાય છે.

સંશોધન ત્રણ પ્રકારે થાય છે.

(૧) હકીકતોની શોધ

(૨) માહિતીનું અર્થઘટન

(૩) સંશોધન શુધ્ધિ સૈધ્ધાંતિક પ્રકાર

માનવને તેની પ્રગતિની સોપાન સર કરવામાં જે વિવિધ ઉપકરણો કે સાધનો કામયાબ જણાયા છે. તેમાં સંશોધન મોખરે રહ્ય છે. આ દ્રષ્ટિએ માનવજાતના ભલા માટે સંશોધનો થવા જોઈએ.

નવા સત્યો, તથ્યો વિચારો કે પ્રણાલીઓ કે પરંપરાઓની ખોજ કરવામાં સહાયભૂત થવા ઉપરાંત સંશોધન રાષ્ટ્રના સાતત્ય પૂર્ણ વિકાસની નીવ બને છે. માનવને તેની મનવાચ્છું પ્રગતિનું પ્રદાન કરીને કલ્યાણકારી જીવનની ભેટ આપવામાં સંશોધનની સરવાણી આવશ્યક ગણાય છે. આમ સંશોધનનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે.



Scanned with OKEN Scanner

આમ સંશોધનની સરવાણી પોતાની આસપાસના વિશ્વને નિહાળવાની અને જાણવાની માનવની ઉત્સુકતા, જિજ્ઞાસા યુગ જૂની રહી છે એમ કહીએ તો ખોટું નથી, માનવ સમયના વહેણ સાથે વૈજ્ઞાનિક જ્ઞાન તરફ ઢળવા લાગ્યો. સામાજિક વિજ્ઞાન, મનોવિજ્ઞાન, સાહિત્ય તરફ અને આજે તો પ્રાદેશિક સંશોધનોએ મોટું સ્વરૂપ પકડયુ છે. વિશ્વમાં સંવાદિતતા જોતો અને કાર્યકારણના સંબંધની તપાસ કરતો માનવ અમુક બનાવો કે ઘટનાઓથી આગાહી કરવા લાગ્યો અને એ રીતે વૈજ્ઞાનિક સંશોધનનાં બીજાંકુર ફૂટ્યા હશે.

સંશોધનની અગત્યતા :

રાષ્ટ્રના સાંસ્કૃતિક વિકાસની જ્યોત પ્રજ્વલિત રાખવામાં પણ સંશોધન પોતાનો ફાળો આપ્યો છે.પોતાના 'રિસર્ચ ઇન એજ્યુકેશન' નામના પુસ્તકમાં આ બાબત જરૂરિયાતની સ્પષ્ટતા કરતા જહોન બેસ્ટ કહે છે કે,

" આપણા સાંસ્કૃતિક વિકાસનું એક રહસ્ય સંશાધન છે. નવા સત્યોની ખોજ કરીને સંશોધન અજ્ઞાનતાને અંધકારમાં હડસેલી મૂકે છે. અને કાર્ય કરવાની વધુ સારી રીતો તેમજ ફળશ્રુતિઓની ભેટ આપે છે. "

સંશોધન એ અભ્યાસનો મુખ્ય ભાગ, અંગ, હિસ્સો ગણાય છે. સંશોધક,સંશોધન અહેવાલ જ્યાં સુધી લખે નહિ ત્યાં સુધી કાર્ય અધુરૂ ગણાય છે. એ એક હકીકત છે કે પૂર્વધારણા ખૂબ વિચક્ષણ - બુધ્ધિમાન હોય. સંશોધન અભ્યાસ સારામાં સારી રીતે ડિઝાઈન કરેલ હોય અને ધ્યાનાકર્ષક તારણો કે સામાન્યીકરણ હોય, પણ જો તારણો સાથે અસરકારક રીતે એકબીજાની સાથે સંકળાયેલ હોય તો જ તેનું મૂલ્ય રહે છે.

આમ સંશોધન એક સુંદર પ્રવૃત્તિ છે અને તેના દ્વારા વ્યવસ્થિત અને આવશ્યક હકીકત સંચિત થાય છે. સંશોધનના વધતા જતા વ્યાપનો અભ્યાસ કરતા જણાય છે કે તેનું મહત્વ અને મૂલ્ય સ્પષ્ટ નથી પણ સુસ્પષ્ટ છે. સંશોધન અહેવાલ લેખનના મહત્વમાં કોઈ પણ નીચેની ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.

(૧) પ્રારંભિક સાહિત્ય (૨) સંશોધનનું વસ્તુ અને (૩) સંદર્ભ સાહિત્ય વગેરે .

સંશોધનની સંજ્ઞા:

સંશોધના મૂળમાં વિજ્ઞાનની એક શિસ્ત સમાયેલી છે. મૂળ તો આ શબ્દ જ વિજ્ઞાનની પરિભાષામાંથી આવ્યો છે. અંગ્રેજીમાં 'Research' કહેવામાં આવે છે. 'Search' એટલે 'શોધવું' અને 'Research' એટલે 'પુનઃશોધવું' ગુજરાતીમાં 'સંશોધન' શબ્દ રૂઢ થયો છે. 'સંશોધન' શબ્દનું કૂલ - મૂળ સંસ્કૃત ભાષામાં છે. એ શબ્દ 'શોધ' તેમજ 'શોધન' બંને સાથે સંબંધ છે. ગુજરાતીમાં 'રિસર્ચ' નાં અર્થમાં ને શબ્દ ક્યારે ને કેવી રીતે રૂઢ થયો એ મુદ્દો પણ એક સંશોધનનો વિષય છે. અગ્રજીમાં 'શોધ' ના અર્થભાવને અનુલક્ષીને 'રિસર્ચ' ઉપરાંત 'ડિસ્કવરી' 'ઇન્વેન્શન', 'સર્ચ', 'ફાઈડીંગ', 'ઈન્વેસ્ટીગેશન' જેવા અનેક શબ્દો છે. જે પોતાની આગવી અર્થચ્છાયાઓમાં જુદાજુદા ભાવ સંદર્ભમાં પ્રયોજાય છે. ગુજરાતીમાં પણ 'સંશોધનને' શબ્દ ઉપરાંત 'ખોજ', 'શોધ', 'ખોળ', 'ગોત', 'તપાસ', ગવેષણ', 'અન્વેષણ', 'અન્વીક્ષણ', 'અનુસંધાન' વગેરે જેવા અનેક શબ્દો છે. જે વિશિષ્ટ અર્થભાવની પરિસ્થતિમાં પોતાની આગવી રીતિમાં પ્રયોજાય છે. આ શબ્દોનો વિનિયોગ કરતા વિવેકશક્તિ દાખવવાની રહે છે.

હિન્દીમાં 'રિસર્ચ'નાં અર્થમાં વ્યાપકપણે જેમ **'અનુસંધાન'** તે ગુજરાતીમાં 'રિસર્ચ' નાં અર્થમાં વ્યાપકપણે પ્રયોજાતા 'સંશોધન' શબ્દમાં ઝીણી ઝીણી નજરે જોનારે એકાધિક **અર્થચ્છાયાઓ** દ્રષ્ટિગોચર થાય છે. આમ શોધની સતત ચાલતી પ્રક્રિયાને સંશોધન કહે છે. સંશોધન અંગેની વ્યાખ્યા - વિભાવના બાંધવાની અનેક વિદ્વાનોએ જહેમત ઉઠાવી છે. ડૉ.હરિવલ્લભ ભાયાણી 'Research'ની વ્યાખ્યા આપતાં જણાવે છે કે,

" સંશોધન એટલે 'સત્યની શોધ' આ 'સત્ય' એટલે **અધ્યયન** વિષયની સાથે સંકળાયેલા તથ્યો, તેમનો આંતરસંબંધ અને અર્થઘટન તથા તે ઉપરથી ફલિત થતા વ્યાપક નિર્ણયો "

ડૉ. ભાયાણી સંશોધન વ્યાપારને વધુ વ્યાપક રીતે વર્ણવે છે. **તેઓ** તથ્યથી સત્ય સુધીની શોધયાત્રામાં તટસ્થતા 'પૂર્વગ્રહયુક્ત માનસ અને વસ્તુલક્ષીતા પર ભાર મૂકે છે.



Scanned with OKEN Scanner

Frand Rummel નાં મતે -

"Research is a carful ingulry or Examination to discover new information or relationship an expendand to verify exiting knowledgl ."

Frand Rummel 'Examination to discover' પણ ભાર મૂકે છે. 'To discover' એટલે "સંશોધન એ સત્ય પનોચવાની એક નિરંતર પ્રક્રિયા છે.

આમ સંશોધકનું કામ અપ્રગટને પ્રગટ કરવાનું છે. જે ગોપિત - ગુપ્ત છે અને ઉદ્દઘાટીત કરવાનું છે, જે અજ્ઞાન છે તે જ્ઞાત થઈ નવા જ્ઞાનને આવિષ્કારવાનું છે. અને તેથી સંશોધન એ તથ્યમાથી સત્ય સુધી જતી પ્રક્રિયા છે. પ્રત્યેક પ્રક્રિયા આગવા સત્ય સાથે પ્રગટે છે. સંશોધનના અંતે જે તારણ કે સત્ય હાથ લાગે છે તે કામ ચલાઉ હોય છે. સંશોધનની પ્રક્રિ નિરંતર ચાલતી પ્રક્રિયા હોવાને કારણે હાથ લાગેલ તારણ કે સત્ય ક્યારેય કાયમી સત્ય બની શકે નહિ.

સંદર્ભ સૂચિ :

(૧) ભગવદ્ગો - ભાગ નવ - પૃ.૬૬૪થી ૬૬૫
પ્રથમ આવૃત્તિ - ૧૯૪૮ થી ૨૦૦૭
પ્રવીણ પ્રકાશન અમદાવાદ.

(૨) ગુજરાતી વિશ્વકોશ ભાગ - ૨૨ પૃ. ૭૮૮ થી ૭૯૯
ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ અમદાવાદ

(૩) શૈક્ષણિક સંશોધનની રૂપરેખા ડૉ. હરિભાઈ દેસાઈ, ડૉ.મનુભાઈ ત્રિવેદી
પ્રથમ આવૃત્તિ - ૧૯૮૨ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીરાજકોટ.

(૪) સામાજિક વિજ્ઞાન સંશોધન પધ્ધતિ
સ્વ. ડૉ. અર્વિન્દરાયનારાયણજી દેસાઈ યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવા - ૧લી આવૃત્તિ ૧૯૮૩ .



Scanned with OKEN Scanner